**વરાછા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૦૦૬૦૨૩૧૮૦૫/૨૦૨૩ કામે આરોપીની જામીન અરજી લગત હુકમ**

---

૧).. આરોપીની જામીન અરજી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધું, આરોપીને પકડીને નામ. કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવતા આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવેલો. આરોપીના વિ.વ.શ્રીઓની રજુઆત સાંભળી.

(૨).. આરોપીના વિ.વ.શ્રી તેમની રજુઆત કરતા જણાવે છે કે આરોપીઓ તદૃન નિર્દોષ છે અને શક પરથી પકડેલ છે તથા આરોપીઓ પ્રતિષ્ઠિત નાગરીક અને ખાનદાન કુંટુંબના છે અને કુંટુંબના ભરણપોષણની તમામ જવાબદારી આરોપી ના શીરે છે, આરોપીઓ પોતાના કુંટુંબ સાથે રહેતા હોવાથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં તેઓ જણાવે છે કે જો આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં નહી આવે તો તેમના કુંટુંબના ભરણ પોષણ થઈ શકે તેમ નથી. તેમજ જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં નહી આવે તો કાયદેસરનો બચાવ કરી શકીએ તેમ નથી તથા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો દર મુદતે નિયમીત હાજર રહેવાની ખાત્રી આપીએ છીએ. જેથી યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટે અરજ ગુજારેલ છે.

(૩).. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળી, વિ.એ.પી.પી.શ્રી જામીન અરજીનો વિરોધ કરતા જણાવે છે કે આરોપીને જામીન મુકત કરવામાં આવે તો આવા જ પ્રકારના બીજા ગુના કરે તેમ છે તેમજ પુરાવા સાથે ચેડા કરવાની શકયતા છે તથા આરોપીઓ માથાભારે હોઈ ફરીયાદ પક્ષ તથા સાહેદોને ધાકધમકી કે લોભલાલચ અને પ્રલોભનો આપે તેવી શકયતા છે તેમજ આરોપીએ ધણોજ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. તેમજ આરોપીએ પ્રથમદર્શનીય રીતે ગુનો કર્યાનું રેકર્ડ ઉપર જણાઈ આવતું હોય અને હાલનો ગુનો કર્યા બાદ આરોપીઓ લાંબા સમય સુધી નાસતા ફરતા રહેલા હોય જો આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવશે તો સમાજ ઉપર તેની અવળી અસર પડશે અને ગુનાખોરી નું પ્રમાણ વધશે, તેમજ જો આરોપીઓને જામીનમુકત કરવામાં આવશે તો આરોપીઓ જામીન મુકત થયા બાદ ફરી હાજર રહેશે નહી. જેથી આરોપીઓની જામીન અરજી નામજુંર કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત કામે બંને પક્ષકારોની રજુઆતો તથા કેસ પેપર્સ ધ્યાને લેતા આ કામે કામના આરોપ ઓને નામદાર કોર્ટની સ્થાનીક હકુમતના રહીશ છે તેમજ પોતાના કુંટુબ સાથે રહેતા હોઈ આરોપીને જો સ્થાનીક જામીન લઈને તથા યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન દર મુદતે નિયમીત હાજર રહશે એમ જણાય છે જેથી આ કામના **આરોપી નં –૧ ફારુક ઉર્ફે શાહરુખ જાડીયા જાવિદ શેક. રહે, બિલ્ડીંગ નં. એ/૬, મકાન નં.૧૮, નવા કામરૂનગર ટેનામેન્ટ, કમરુનગર પોલીસ ચોકીની પાછળ, મીઠીખાડી પાસે, લિંબાયત.સુર. આરોપી નં,૨. જાવિદ ઉર્ફે જાવેદ ઉર્ફે કાલીયા સલીમ શેખ. રહે, મકાન નં. ૫૦, મોચીનગર ઝુપડપટ્ટી, ઉમિયામાતા મંદીરની પાછળ ભાઠેના ખાડી, પાસે, સલાબતપુરા,સુરત. આરોપી નં.–૩, મુરતુજા ઉર્ફે મુસ્તુફા યુસુફ વોરા. રહે, મકના નં.૨૪૪, રતનજીનગર સોસાયટી, શેરી નં. ૦૪, જંગલશા બાવા દરહાગાહની બાજુમાં મીઠીખાડી, લિંબાયત.સુરત** નાઓને પ્રત્યેક આરોપી દિઠ રૂા. ૫૦૦૦/૦૦ રોકડા જામીન તથા પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખ્યેથી આરોપીઓને નીચે મુજબની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**: : : શ ર તો: : :**

(૧) આરોપીઓએ ચાર્જશીટ થતા સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫મી તારીખમાં એકવાર સવારના ૦૯:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન વરાછા પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૨) આરોપીઓએ તપાસ કરનાર અમલદારને યોગ્ય સાથ સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર ફરમાવે ત્યારે હાજર રહેવું.

(૩) આરોપીએ હવે પછી આ પ્રકારના કે બીજા કોઈ અન્ય કોઈ ગુનામાં સંડોવાવવું નહી.

(૪) ફરીયાદી કે સાહેદને ધાક–ધમકી, લાલચ કે પ્રલોભન આપવા નહી.

(૫) આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું સોગંદ ઉપર પુરાવા સાથે રજુ કરવું તેમજ અત્રેની કોર્ટની પૂર્વ પરવાનગી વગર રહેઠાણનું સરનામું બદલવું નહી.

(૬) આરોપીએ ગુજરાત રાજયની હદ કોર્ટની પૂર્વ પરવાનગી વગર છોડવી નહી.

હુકમ આજરોજ તા. ૧૯ મી માહે જુલાઈ સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯–૦૭–૨૦૨૩

મુ.સુરત

એડી. જયુડી. મેજી. ફ.ક.,

સિવિલ કોર્ટ, સુરત